પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૩૫૩ ૭ માર્ચ, ૨૦૨૩, મંગળવાર; ફાગણ સુદ - ૧૫ પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦



હોલીકા દહન... - ગાંધીનગરના પાદરમાં આવેલ પાલજ ગામમાં ઐતિહાસિક હોલીકા દહન વર્ષોથી થાય છે... પરંપરા મુજબ આ વર્ષે પણ હજ્જારો ભાવિકોની ઉપસ્થિતિમાં હોલીકા દહન મહાકાળી મંદિરના ચોકમાં યોજાયું હતું... અસત્ય પર સત્યનો વિજય જીવન અને જગતના અનિષ્ઠોના દહનને હોમવાની અનોખી પરંપરા એટલે હોલીકાદહન... પાલજ સહિત શહેરના સેક્ટરોમાં પણ હોલીકાદહનનો કાર્યક્રમ ભારે ઉત્સાહથી યોજાયો હતો...

# રાજ્યમાં ઉનાળાના આરંભે જ અષાઢી માહોલ

**સુસવાટા મારતા પવન સાથે કેટલાક વિસ્તારમાં માવઠું : ગાંધીનગર-અમદાવાદને ધૂળની ડમરીઓએ લીધું બાનમા : સમગ્ર રાજ્યમાં ભર ઉનાળામાં ચોમાસા જેવો વરસાદી માહોલ જામ્યો છે ત્યારે ગાંધીનગર-અમદાવાદના વાતાવરણમાં એકાએક પલ્ટો આવ્યો હતો**

અમદાવાદ,તા.૬

સમગ્ર રાજ્યમાં ભર ઉનાળામાં ચોમાસા જેવો વરસાદી માહોલ જામ્યો છે. ત્યારે અમદાવાદના વાતાવરણમાં એકાએક પલ્ટો આવી જવા પામ્યો હતો. ત્યારે અમદાવાદમાં ધૂળની ડરમીઓ ઉડી રહી હતી. એસ.જી.હાઈવે અને વૈષ્ણોદેવી વિસ્તારમાં ધોધમાર વરસાદ પડ્યો હતો.

રાજ્યના અનેક જિલ્લાના વાતાવરણમાં પલટો આવ્યો છે. કમોસમી વરસાદને લઈને હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલનું હવામાનને લઈને નિવેદન આપ્યું છે. હમણાં રાજ્યમાં વરસાદ રહેવાની સંભાવના છે. તેમજ દક્ષિણ ગુજરાતના ભાગોમાં મૂશળધાર વરસાદની સંભાવના છે. તેમજ અમદાવાદ, ગાંધીનગરમાં વરસાદની શક્યતા છે. આ વરસાદ આફતના એંધાણ છે. અંબાલાલ પટેલે આગામી ૧૪, ૧૫, ૧૬ તારીખે વરસાદની શક્યતા કરી છે.

સુરતના બારડોલીમાં વાંકાનેર ગામે ગાજવીજ સાથે વરસાદી માહોલ જામ્યો હતો. હવામાન વિભાગની આગાહી વચ્ચે માવઠું પડતા ખેડૂતોનો જીવ પડીકે બંધાયો છે. કમોસમી વરસાદને કારણે શાકભાજીની ખેતી કરતા ખેડૂતો ચિંતામાં વધારો થવા પામ્યો છે.

ભરૂચ જીલ્લાના વાતાવરણમાં પણ પલ્ટો આવવા પામ્યો છે. ત્યારે સવારથી વાદળછાયું વાતાવરણ છવાયેલું છે. આમોદમાં વહેલી સવારે વરસાદ વરસ્યો હતો.કમોસમી વરસાદના કારણે જસદણ માર્કેટીંગ યાર્ડમાં પાક પલળ્યો છે. માર્કેટિંગ યાર્ડમાં ખુલ્લામાં પડેલો પાક પલળ્યો છે. ખેડૂતો અને વેપારીઓનાં ઘઉ, જીરૂ, ધાણા, એરંડા સહિતના પાકો પલળ્યા છે. પાક પલળવાથી માર્કેટિંગ યાર્ડમાં સર્વે કરવામાં આવ્યો છે. આ બાબતે સેક્રેટરીએ જણાવ્યું હતું કે સર્વેનો રિપોર્ટ આવ્યા બાદ નુકસાનનો સાચો આંકડો જાણવા મળશે.

સુરત સહિત દક્ષિણ ગુજરાતના વાતાવરણમાં પલ્ટો આવવા પામ્યો છે. સુરતમાં કેટલીક જગ્યાએ ઝરમર વરસાદ વરસવા પામ્યો છે. તેમજ અઠવાગેટ સહિત રિંગ રોડ વિસ્તારમાં ઝરમર વરસાદ પડ્યો છે.

# બિહારમાં રાબડીદેવી યાદવના નિવાસે સીબીઆઈના દરોડા

**સીબીઆઈની બિહારના પૂર્વ મુખ્યમંત્રી સામે કાર્યવાહી : સીબીઆઇ કયા કેસમાં આ કાર્યવાહી કરવા પહોંચી છે તે અંગે હાલ કોઈ સત્તાવાર માહિતી સામે આવી નથી**

પટણા, તા.૬

સીબીઆઈની ટીમ રાબડી દેવીના નિવાસસ્થાને પહોંચી ગઈ



છે. માહિતી અનુસાર જમીનના બદલામાં નોકરી આપવા માટે સીબીઆઈ દ્વારા આ દરોડાની કાર્યવાહી કરાઈ છે. આ કેસમાં ૧૫ માર્ચે રાબડી, લાલુ યાદવ અને મીસા યાદવે કોર્ટમાં હાજર થવાનું છે. જોકે સીબીઆઇ કયા કેસમાં આ કાર્યવાહી કરવા પહોંચી છે તે અંગે હાલ કોઈ સત્તાવાર માહિતી સામે આવી નથી. ઉલ્લેખનીય છે કે રાબડી દેવી બિહારના પૂર્વ સીએમ રહી ચૂક્યા છે. સૂત્રોના અહેવાલ અનુસાર આ રાબડી દેવીના ઘરે દરોડાની કાર્યવાહી નથી પણ લેન્ડ ફોર જોબ કૌભાંડ મામલે વધુ પૂછપરછ કરવા સીબીઆઈની ટીમ પહોંચી છે. રેલવેમાં નોકરીના બદલામાં જમીન કૌભાંડમાં મે ૨૦૨૨માં સીબીઆઇએ એફઆઈઆર દાખલ કરી હતી.

એફઆઈઆરમાં આરોપ મૂકાયો હતો કે રેલવે વિભાગમાં નોકરી અપાવવાના બદલામાં જમીનો લાલુ યાદવ અને તેમના પરિવારને ટ્રાન્સફર કરાઈ હતી. આ મામલો ૨૦૦૪-૨૦૦૯ની વચ્ચેનો છે જ્યારે લાલુ રેલવેમંત્રી હતા. સીબીઆઇની એફઆઈઆરમાં લાલુ, પત્ની રાબડી, દીકરી મીસા અને હેમાનું નામ છે. એફઆઈઆરમાં ૧૨ અન્ય નામ પણ સામેલ છે જેમને કથિતરૂપે જમીનના બદલામાં નોકરી મળી હતી.

# મનીષ સિસોદિયાએ ૨૦મી સુધી જેલમાં જ રહેવું પડશે



નવી દિલ્હી, તા.૬

દિલ્હીના પૂર્વ ઉપમુખ્યમંત્રી મનીષ સિસોદિયાની હોળી હવે જેલમાં જ ઉજવાશે. રાઉઝ એવન્યૂ કોર્ટ દ્વારા તેમને ૧૪ દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યા છે. હવે તેમને તિહાર જેલ મોકલી દેવાશે. ત્યાં તેઓ ૨૦ માર્ચ સુધી જેલમાં કેદ રહેશે. રાઉઝ એવન્યૂ કોર્ટે આ ચુકાદો સંભળાવ્યો હતો.

તમને જણાવી દઈએ કે સીબીઆઈ દ્વારા મનીષ સિસોદિયાની કસ્ટડી માગવામાં આવી નહોતી. તેમની ધરપકડ દિલ્હી લીકર પોલિસી કેસમાં ભ્રષ્ટાચાર સંબંધિત મામલે કરાઈ હતી. અગાઉ કોર્ટ દ્વારા તેમની બે દિવસની કસ્ટડી સીબીઆઈને સોંપવામાં આવી હતી અને આ વખતે સીબીઆઈ તરફથી કોઈપણ પ્રકારની કસ્ટડીની માગ કરવામાં આવી નહોતી. વિશેષ જજ એમ.કે.નાગપાલે કહ્યું હતું કે સીબીઆઇ દ્વારા એકને એક સવાલ વારંવાર મનીષ સિસોદિયાને પૂછવામાં ન આવે.

# પહેલી ગોળી ચલાવનારા ઉસ્માનને પોલીસે એન્કાઉન્ટરમાં ઠાર માર્યો

**ઉમેશ પાલ હત્યાકાંડ મામલો : ઉમેશ પાલની હત્યામાં જે ક્રેટા કારનો ઉપયોગ કરવામાં આવ્યો હતો એ કાર અરબાજ જ ચલાવી રહ્યો હતો**

ઉત્તર પ્રદેશ, તા.૬

પ્રયાગરાજમાં ઉમેશ પાલ હત્યાકાંડમાં પોલીસ સતત કાર્યવાહી કરી રહી છે. હત્યાકાંડમાં વધુ એક આરોપીનું પોલીસે એકાઉન્ટર કર્યુ છે. એક્રાઉન્ટરમાં વિજય કુમાર ઉર્ફે ઉસ્માન ચૌધરીને પોલીસે ઠાર માર્યો છે. કહેવામાં આવી રહ્યું છે કે, ઉસ્માને જ ઉમેશ પાલને પહેલી ગોળી મારી હતી. પ્રયાગરાજના કૌંધિયારા વિસ્તારમાં આ એક્રાઉન્ટર થયું હતું. આ દરમિયાન ઉસ્માન ચૌધરીને ગોળી વાગી હતી. તેને ઘાયલ અવસ્થામાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. મહત્વનું છે કે, ઉમેશ પાલ હત્યાકાંડમાં આ બીજુ એક્રાઉન્ટર છે. આ પહેલાં પોલીસે અતીક અહમદના નજીકના અરબાજને એક્રાઉન્ટરમાં ઠાર માર્યો હતો. ઉમેશ પાલની હત્યામાં જે ક્રેટા કારનો ઉપયોગ કરવામાં આવ્યો હતો એ કાર અરબાજ જ ચલાવી રહ્યો હતો. અરબાજ અતીક અહમદની કાર પણ ચલાવતો હતો. પ્રયાગરાજમાં ૨૪ ફેબ્રુઆરીના રોજ ઉમેશ પાલ અને તેના ગનરની બદમાશોએ ગોળી મારીને હત્યા કરી હતી. ઉમેશ પાલ રાજુપાલ હત્યાકાંડમાં સાક્ષી હતો. ઉમેશ જ્યારે કારમાંથી ઉતર્યો કે તરત જ બદમાશોએ તેના પર ફાયરિંગ કર્યુ હતુ. આ દરમિયાન તેનું અને તેના



ગનરનું ગોળી વાગવાથઈ મોત નીપજ્યું હતું. બદમાશોએ આ હત્યાકાંડને ૪૪ સેકન્ડમાં જ અંજામ આપ્યો હતો. ઉમેશ પાલની હત્યાનો આરોપ અતીક અહમદ પર લાગ્યો હતો.

# સેન્સેક્સમાં ૪૧૫, નિફ્ટીમાં ૧૧૭ પોઈન્ટનો ઊછાળો

**સ્થાનિક શેરબજારોમાં સતત બીજા સત્રમાં તેજીનો માહોલ : મોટાભાગના સેક્ટોરલ ઇન્ડેક્સ લીલા નિશાન સાથે બંધ થયા**

મુંબઈ, તા.૬

સ્થાનિક શેરબજારો સોમવારે સતત બીજા સત્રમાં તેજી સાથે બંધ થયા હતા. બીએસઈ સેન્સેક્સ ૪૧૫.૪૯ પોઈન્ટ એટલે કે ૦.૬૯ ટકાના વધારા સાથે ૬૦,૨૨૪.૪૬ પોઈન્ટના સ્તરે બંધ થયો હતો. એ જ રીતે, એનએસઈ નિફ્ટી ૧૧૭.૧૦ પોઈન્ટ અથવા ૦.૬૭ ટકા વધીને ૧૭,૭૧૧.૪૫ પોઈન્ટની સપાટીએ બંધ રહ્યો હતો. જેએસડબલ્યુ સ્ટીલમાં ૧૧ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો.

મેટલ, રિયલ્ટી અને પીએસયુ બેંક સિવાય અન્ય તમામ ક્ષેત્રીય સૂચકાંકો લીલા નિશાનમાં બંધ થયા છે. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ ૦.૭ ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ લગભગ એક ટકા વધીને બંધ થયા છે.

બીએસઈ સેન્સેક્સ પર ટાટા મોટર્સનો શેર સૌથી વધુ ૨.૭૯ ટકાના વધારા સાથે બંધ થયો હતો. એ જ રીતે એનટીપીસીમાં ૨.૫૨ ટકાનો વધારો જોવા મળ્યો હતો. આ સિવાય પાવરગ્રીડ, બજાજ ફિનસર્વ, ઈન્ફોસિસ, એશિયન પેઈન્ટ્સ, એચડીએફસી, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને આઈટીસીમાં નોંધપાત્ર ઉછાળો જોવા મળ્યો હતો. આ સિવાય ટીસીએસ, વિપ્રો, એચડીએફસી બેંક અને એક્સિસ બેંકના શેર પણ લીલા નિશાન સાથે બંધ થયા છે.

ટાટા સ્ટીલ, લાર્સન એન્ડ ટુબ્રો, ઈન્ડસઈન્ડ બેંક, સન ફાર્મા અને અલ્ટ્રાટેક સિમેન્ટના શેર સેન્સેક્સ પર લાલ નિશાનમાં બંધ થયા હતા. અમેરિકી ડોલર સામે રૂપિયો નજીવો વધીને ૮૧.૯૨ પર બંધ રહ્યો હતો. અગાઉ તે શુક્રવારે ૮૧.૯૭ના સ્તર પર બંધ થયો હતો.

# અમિતાભ બચ્ચનને એકશન સીન ભજવતાં પાંસળીમાં ઈજા

**હૈદરાબાદમાં ફિલ્મ પ્રોજેક્ટ કે નાં શૂટિંગની ઘટના : અમિતાભ તરત જ મુંબઈ પાછા આવી ગયા છે અને હવે કેટલાંક સપ્તાહ સુધી તેમણે ઘરે બેડ રેસ્ટ લેવો પડે તેમ છે**

મુંબઈ, તા.૬

મેગાસ્ટાર અમિતાભ બચ્ચનને હૈદરાબાદમાં ફિલ્મ 'પ્રોજેક્ટ કે 'નાં શૂટિંગ દરમિયાન એક્શન સીન ભજવતી વખતે પાંસળીમાં ગંભીર ઇજા થઇ છે. અમિતાભ તરત જ મુંબઈ પાછા આવી ગયા છે અને હવે કેટલાંક સપ્તાહ સુધી તેમણે ઘરે બેડ રેસ્ટ લેવો પડે તેમ છે. અમિતાભને ઈજા થયાનું જાણી તેમના ચાહકોમાં ચિંતાનું મોજું પ્રસર્યું છે. સોશિયલ મીડિયા પર તેમને ઝડપથી સ્વસ્થ થવાની શુભેચ્છાનો ધોધ વહ્યો હતો.



ખુદ અમિતાભે પોતાના બ્લોગમાં આ ઈજાની માહિતી આપી હતી. અમિતાભનાં જણાવ્યા અનુસાર તેમને છાતીના પાંજરામાં વાગ્યું છે. એક પાંસળી ફૂલી ગઈ છે જ્યારે જમણી બાજુ માંસપેશી ચિરાઈ ગઈ છે. આ ઈજાની પીડા અસહ્ય હોવાનું સુપર સ્ટાર એ જણાવ્યું હતું. તેમણે હૈદરાબાદની હોસ્પિટલમાં સિટી સ્કેન કરાવ્યું હતું. ત્યારબાદ તબીબી સલાહ અનુસાર તેઓ શૂટિંગ રદ કરી મુંબઈ પરત આવી ગયા હતા. હાલ તેઓ ' જલસા ' બંગલો માં આરામ હેઠળ છે.

તબીબો એ કેટલાક સપ્તાહ સુધી અનિવાર્ય કારણ સિવાય પથારી માંથી ઊભા પણ નહિ થવા સલાહ આપી છે. આથી થોડા સમય સુધી તેમનાં તમામ ફિલ્મ શૂટ, એડ શૂટ તથા અન્ય તમામ વ્યવસાયિક કામ ઠપ રહેશે.

# સિક્કીમ વિશ્વનું સૌથી પહેલું ઓર્ગેનિક રાજ્ય બની ગયું

**લંડનની વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ્સમાં સ્થાન મળ્યું : સિક્કિમ ગુનામુક્ત રાજ્ય અને શ્રેષ્ઠ શાસન ધરાવતું રાજ્ય**

ગંગટોક, તા.૬

ઘણા મહિનાઓ પહેલા સિક્કિમ વિશ્વનું પ્રથમ ઓર્ગેનિક રાજ્ય બન્યું હતું પરંતુ હવે તેને સર્ટીફીકેટ પણ મળી ગયું છે. લંડનની વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ્સે સિક્કિમને વિશ્વના પ્રથમ ઓર્ગેનિક રાજ્યનું સર્ટીફીકેટ આપ્યું છે. સિક્કિમને ગુનામુક્ત રાજ્ય અને શ્રેષ્ઠ શાસન ધરાવતું રાજ્ય પણ માનવામાં આવે છે. કેન્દ્રીય સંચાર મંત્રાલયે આ માટે સિક્કિમને અભિનંદન પાઠવ્યા છે.

સિક્કિમ પ્રથમ ઓર્ગેનિક રાજ્ય બનવા પર, કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે સિક્કિમના ચાર મંત્રીઓ સાથે એક વિશેષ પોસ્ટલ કવર પણ બહાર પાડ્યું હતું. ભારતમાં વર્ષ ૧૯૬૦માં હરિત ક્રાંતિની શરૂઆત થઈ હતી. આ કારણે વધુ અનાજ ઉત્પાદન માટે ખાતરનો ઉપયોગ પણ વધ્યો હતો. જેના કારણે જમીન અને પાણી, હવાની ગુણવત્તા પર ખરાબ અસર પડી છે. આવી સ્થિતિમાં, ભારતના પૂર્વોત્તર રાજ્ય સિક્કિમે ઓર્ગેનિક ખેતી તરફ પગલું માંડ્યું અને હવે આ રાજ્ય વિશ્વનું પ્રથમ ઓર્ગેનિક રાજ્ય છે અને તે સમગ્ર વિશ્વમાં એક ઉદાહરણ તરીકે રજૂ થઈ રહ્યું છે. ઓર્ગેનિક પદ્ધતિ ખેતીની એક પ્રાચીન પદ્ધતિ છે, જેમાં ખેતીમાં રાસાયણિક ખાતરોનો ઉપયોગ થતો નથી. જેમાં કુદરતી ખાતરો જેમ કે ગાય-ભેંસના છાણ, કમ્પોસ્ટ ખાતર, લીમડાનું ખાતર વગેરેનું ઉત્પાદન કરવામાં આવે છે. જેના કારણે જમીનની ગુણવત્તા પણ જળવાઈ રહે છે.